**TAT S MATHS AND SCIENCE GUJARATI MEDIUM**

**QUESTION PAPER CATEGORIE - A**

**QUESTION NO:- 17**

ભારતીય બંધારણના **86**મા બંધારણીય સુધારા **(2002)** દ્વારા મફત અને ફરજિયાત શિક્ષણના મૂળભૂત અધિકાર માટે કલમ **21-**ક **(21A)** ઉમેરવામાં આવી હતી**.** પ્રશ્નના વિકલ્પોમાં ક્યાંય **21A** આપેલ નથી, ફક્ત **21** છે**.** તેથી વિકલ્પો અધૂરા અને અસ્પષ્ટ છે.જો ટાયપિંગ મિસ્ટેક હોય તો સાચો જવાબ **(B)** કલમ**-21** છે અથવા પ્રશ્ન માં ગ્રેસિંગ થાય

પુસ્તકનું નામ: રાજ્યશાસ્ત્ર **–** ધોરણ ***11***

પ્રકાશક**:** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ**: *2016***

પુનર્મુદ્રણ આવૃત્તિઓ**: *2017, 2018, 2019, 2020, 2021, 2022, 2023, 2024, 2025***

પ્રકરણ**:** પ્રકરણ **– *6 :*** મૂળભૂત હકો**,** ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

પેજ નંબર**: *37***

(iii) મંડળો, સંસ્થાઓ કે સંઘો રચવાનું સ્વાતંત્ર્ય

(iv) ભારતના કોઈ પણ પ્રદેશ કે વિસ્તારમાં મુક્તપણે હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય

(v) ભારતના કોઈ પણ ભાગમાં રહેવાની તેમજ કાયમી ધોરણે સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા

(vi) કોઈ પણ વ્યવસાય, ધંધો, રોજગાર કે વેપાર કરવાનું સ્વાતંત્ર્ય

આપણે રાજ્ય અને સમાજમાં રહીએ છીએ એટલે આ બધી સ્વતંત્રતાઓનો ઉપયોગ મન ફાવે તે રીતે અથવા સ્વચ્છંદી રીતે કરી ન શકીએ તેથી આ દરેક સ્વતંત્રતા ઉપર બંધારણે અમુક વાજબી મર્યાદાઓ મૂકેલી છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદાઓ હેઠળ ભોગવવાની છે એની સ્પષ્ટતા પણ બંધારણમાં કરવામાં આવી છે.

વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય કેટલીક મર્યાદાઓને આધીન રહીને નાગરિક ભોગવી શકે છે. જેમકે, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થા, સુરુચિ અને નીતિમત્તા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી કે ગુના માટે ઉશ્કેરણી વગેરે જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જાહેર હિતમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વાજબી મર્યાદા લાદી શકે છે. આ જ રીતે જાહેર વ્યવસ્થાના હિતમાં શાંતિપૂર્ણ અને શસ્ત્રો વિના ભેગા મળવાની સ્વતંત્રતા પર રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. એ જ રીતે મંડળો, સંસ્થાઓ અને સંઘો રચવાની સ્વતંત્રતા પર પણ એ આધારે મર્યાદા મૂકી શકે છે. ઉપરાંત, જાહેર હિતમાં દેશમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા પર પણ રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. ધંધો-વેપાર અને વ્યવસાય કરવાની સ્વતંત્રતા પર પણ જાહેર હિતમાં મર્યાદા લાદી શકે. જે-તે ધંધો-વ્યવસાય કરવા માટે જરૂરી લાયકાતો કે ધોરણો રાજ્ય નક્કી કરી શકે છે. આમ, નાગરિકોએ યોગ્ય મર્યાદામાં રહીને સ્વતંત્રતાઓ ભોગવવાની છે.

કલમ 20, 21 અને 22 વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ સાથે જોડાયેલી છે. કલમ 20 હેઠળ વ્યક્તિને ચાર સલામતીઓ આપવામાં આવી છે : (ક) ગુનાના સમયે અમલમાં હોય તે કાયદાનો ભંગ કર્યો હોય તો જ વ્યક્તિને ગુનેગાર ઠેરવી શકાય. (ખ) ગુનાના સમયે અમલી કાયદામાં જણાવવામાં આવી હોય તેથી વધુ સજા કરી શકાય નહિ. (ગ) એક જ ગુના માટે એકથી વધુ વાર સજા કરી શકાય નહિ. (ઘ) ગુનેગારને પોતાની વિરુદ્ધ જુબાની આપવાની ફરજ પાડી શકાય નહિ.

કલમ 21 જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણની ખાતરી આપે છે. કલમ 21 હેઠળ આપવામાં આવેલ જીવન અને અંગત સ્વાતંત્ર્યનું અર્થઘટન કરતાં ભારતની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, જીવનનો અર્થ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવું એવો થતો નથી, પણ 'માનવીય ગૌરવ સાથે જીવવું' એવો થાય છે. શિક્ષણ વગર માનવ ગૌરવભર્યું જીવન કેવી રીતે જીવી શકે ? તેથી વર્ષ 2002માં 86માં બંધારણીય સુધારા દ્વારા કલમ 21(A)નો ઉમેરો કરવામાં આવ્યો અને બાળકના પ્રાથમિક શિક્ષણ મેળવવાના હકને મૂળભૂત હકનો દરજ્જો આપવામાં આવ્યો. વર્ષ 2009માં તેને કાયદાનું સ્વરૂપ અપાયું અને છથી ચૌદ વર્ષના બાળકને રાજ્યે 'નિઃશુલ્ક અને ફરજિયાત' શિક્ષણ પૂરું પાડવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી. આ રીતે શિક્ષણ મેળવવાનો હક-રાઈટ ટુ એજ્યુકેશન (RTE) મૂળભૂત હકનું સ્થાન પામ્યો. આમ, જીવન જીવવાના હકને વધુ વિસ્તૃત બનાવવામાં આવ્યો છે.

કલમ 22 હેઠળ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે : (ક) ધરપકડનું કારણ જાણવાનો હક (ખ) પોતાની પસંદગીના વકીલ સાથે ચર્ચા અને તેના દ્વારા બચાવ કરવાનો હક (ગ) ધરપકડ કે અટકમાં લેવામાં આવેલ વ્યક્તિને નજીકના મૅજિસ્ટ્રેટ સમક્ષ 24 કલાકમાં રજૂ કરવો જરૂરી છે. અપવાદરૂપે, ધરપકડના સમયે દુશ્મન રાજ્યની વ્યક્તિને આ અધિકારો મળતાં નથી. આ ઉપરાંત જેમની અટકાયતી ધારા હેઠળ ધરપકડ થઈ હોય તેમને પણ આ અધિકારો મળતાં નથી.

આ પ્રમાણે વ્યક્તિઓની પાયાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે આ કલમો હેઠળ આપવામાં આવેલા હકો મહત્ત્વના છે.

**(3) શોષણ સામેનો હક (કલમ 23-24) :** શોષણ મુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું એક ધ્યેય છે. આ સંદર્ભમાં એક મૂળભૂત હક તરીકે શોષણ વિરોધી હકનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલમ 23 હેઠળ વેઠપ્રથા અને મનુષ્યોનાં ખરીદ-વેચાણ પર પ્રતિબંધ છે. આ અધિકાર ખાનગી વ્યક્તિ કે સંગઠનો દ્વારા કરાવવામાં આવતી વેઠપ્રથા, ભીખ અને